ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**પ્રકાશ લાલા**
મંત્રી, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
સંપાદક, અખંડ આનંદ
સિનિયર નાટ્યકાર
મો : ૯૪૨૬૦૮૪૬૩૨



**ઈશ્વરલાલ દેવશંકર જોષી**
સભ્ય, ગાંધીનગર સાહિત્ય સભા
ફોન : ૨૩૨૩૦૪૫૨



**પ્રવીણાબેન વોરા**
ઉપ પ્રમુખ
સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ



**ચંદ્રકાન્ત રાવલ**
પ્રમુખ, ભારત વિકાસ પરિષદ
મો. ૯૮૨૫૦ ૧૩૭૭૫



**સંકેત વી ગોર**
પ્રમુખ, લીયો કલબ, ગાંધીનગર
મો. ૯૮૨૪૬ ૪૫૬૭૧

# લોકશાહી અને વિકાસનો તર્ક સાવ અસંગત નથી : પ્રો. ઝોયા

ગાંધીનગર, તા. ૬

લોકશાહી અને વિકાસનો તર્ક સાવ અસંગત નથી એવો મત પ્રૉ. ઝોયા હસને અમદાવાદ ખાતે વ્યક્ત કર્યો હતો.

ગંગોત્રી ટ્રસ્ટના ઉપક્રમે ઉમાશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત શનિવારે પોતાનું વ્યાખ્યાન આપતાં જાણીતાં રાજનીતિજ્ઞ પ્રૉ. ઝોયાએ જણાવ્યું હતું કે 'ભારતની લોકશાહી એક કાર્યરત લોકશાહી છે જેમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજાય છે અને જે વૈવિધ્યપૂર્ણ અને બધાને



સામેલ કરનારી રહી શકી છે. ભારતની લોકશાહી આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં એની કામગીરી આવક, સંપત્તિ, વપરાશ, શિક્ષણની પ્રાપ્તિ, સ્વાસ્થ્ય સંભાળ અને સારી નોકરી વિશેની અસમાનતાઓના પ્રમાણ અને પ્રકારોથી બંધાયેલી રહી છે. મૂળ મુદ્દો એ છે કે દસકાઓથી ઘણા ક્ષેત્રોમાં દેશે વિકાસ કર્યો હોવા છતાં વિષમતાઓ અને અસમાનતા ઘણી ફેલાયેલી છે. લોકશાહી અને વિકાસનું તર્ક સાવ અસંગત નથી. ભારતમાં બંને વચ્ચે જીવંત સંબંધ જોઈ શકાય છે. અર્થાત બંને એકબીજાને પોષે છે. તેમ છતાં, લોકો જે પરિણામોની અપેક્ષા કરે છે તે અને રાજ્યની તેમનાં હિતોને સુધારવાની ક્ષમતા વચ્ચે સતત અંતર રહ્યું છે.'

## આજથી સ્વામી પ્રેમાંનદ સરસ્વતીનો સત્સંગ ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૬

દિવ્ય જીવન સંઘના ઉપક્રમે શિવાનંદ આશ્રમ, ગણેશપુર, ઉત્તર કાશીથી પધારેલા સ્વામી પ્રેમાનંદ સરસ્વતીજીનો સત્સંગ કાર્યક્રમ આજથી ગાંધીનગર શહેરમાં યોજવામાં આવ્યો છે.

તા. ૭, ૮ અને ૧૦મી ડિસેમ્બરના રોજ ૨૦૫, આનંદ નગર, સૅક્ટર-૨૭ ખાતે સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમ્યાન આ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ ભાવિકોને તેનો લાભ લેવા માટે સંઘ દ્વારા આ અંગેની એક અખબારી યાદીના માધ્યમથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શિયાળાની ઠંડીમાં વસાણા જેવો સાહિત્યનો ગરમાવો : પુસ્તક પરબ




ગાંધીનગર, તા. ૬

દર માસના પ્રથમ રવિવારે માતૃભાષા અભિયાન અંતર્ગત પુસ્તક પરબનું ાયોજન પ્રજ્ઞાબેન પટેલ અને સાથીઓ દ્વારા ઘ-૪ સર્કલ ખાતે કરવામાં આવે છે એ ક્રમમાં પુસ્તક પરબ આજે પણ શહેરમાં યોજવામાં આવી હતી.

લગ્નોની મોસમ, ૧૧ ડિગ્રીનો કાંટો બતાવતી ઠંડી અને ડૉ. આંબેડકર નિર્વાણ દિવસના માહોલ વચ્ચે ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર માટે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૦૦થી વધુ સાહિત્યપ્રેમીઓએ બે પુસ્તક અને બે મૅગેઝીન કોઈપણ પ્રકારના મૂલ્ય વિના મેળવ્યાં હતાં.

પુસ્તક પરબ અભિયાનમાં છેલ્લાં બે વર્ષથી ઉત્તરોત્તર એના લાભ લેનારા વધી રહ્યા છે. આજની પુસ્તક પરબમાં ડૉ. ગુંજન જૈન, લેખક અનંતરાય વ્યાસ તેમજ ડૉ. જયંત તટ્ટુ દ્વારા પુસ્તકો ભેટ તરીકે આપવામાં આવ્યાં હતાં.

પુસ્તક પરબમાં દિશાન્ત ગર્ગ, ધુર્જટી પ્રજાપતિ, રણછોડ પરમાર, રોહા પરમાર, અશોક ત્રિવેદી, કિશોર જીકાદરા, આશા સરવૈયા અને સંજય થોરાત પોતાનું પ્રોત્સાહક યોગદાન આપી ગુજરાતી સાહિત્યને ઉત્તેજન આપી રહ્યાં છે.

પુસ્તક પરબની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા આજે ગાંધીનગર સમાચારના કટાર લેખકો નેહલ ગઢવી અને અજય ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં હતાં. પુસ્તક પરબ દ્વારા વિનામૂલ્યે અપાતાં પુસ્તકો એ સાહિત્યરસિકો માટે શિયાળાની ઠંડીમાં વસાણા જેવો ગરમાવો આપી રહ્યાં હોવાનો અભિપ્રાય પુસ્તક પ્રેમીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઈસ્કોન મંદિર ખાતે ૧૦ કરોડના ખર્ચે નિર્માણાધિન વિશેષ શ્રીકૃષ્ણ મ્યુઝિયમ

ગાંધીનગર, તા. ૬

ઈસ્કોન મંદિર અમદાવાદ ખાતે હાલ એક વિશિષ્ટ મ્યુઝિયમ બની રહ્યું છે જેમાં ભગવાન શ્રીકૃષ્ણની જીવનલીલાના પ્રસંગો ઓડિયો-વિઝ્યુઅલ ઈફેક્ટ સાથે જીવંત થશે. આ મ્યુઝિયમ પાછળ આશરે ૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે.



રશિયન આર્ટ ડાયરેક્ટર કે જે હવે ઈસ્કોનના જ ભક્ત બની ગયા છે અને ભારતીય નામ પણ અપનાવી લીધું છે, એવા સુબુદ્ધિરાય આ મ્યુઝિયમમાં પોતાનું કૌશલ્ય રજૂ કરશે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં યોજાઈ રહેલા કૃષ્ણ ફેસ્ટિવલમાં ભારતીય નૃત્ય-સંગીત અને નાટ્યનો ત્રિવેણી સંગમ વિદેશી ભક્તો દ્વારા યોજાયો હતો તેમાં પણ સુબુદ્ધિરાય દ્વારા ગોવર્ધનલીલા અંગેનો પપેટ શો જોઈને દર્શકો મંત્રમુગ્ધ થઈ ગયા. ભગવાન કૃષ્ણની લીલાઓ વિઝ્યુઅલ ઈફેક્ટથી જીવંત થશે ટેક્નોલોજી સાથે હવે આપણાં મંદિરો પણ હાઈટેક બની રહ્યાં છે. ધાર્મિક કે પૌરાણિક કથાઓ-સંદેશાઓને યુવાનો-જનમસમૂહ સુધી પહોંચાડવા ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે.

ઈસ્કોન-ગુજરાતના અધ્યક્ષ જશોમતિનંદનદાસજીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે, મંદિરના પાછળના ભાગમાં મ્યુઝિયમ બનાવવામાં આવશે. અત્યારે ટેક્નોલોજિકલ આર્ટિસ્ટને પણ જવાબદારી સોંપવામાં આવી છે. ૨૦૧૫ સુધીમાં આ મ્યુઝિયમ પૂર્ણ થાય તેવો અમારો પ્રયાસ રહેશે. શ્રીકૃષ્ણના અવતારના પ્રેરણાદાયી સંદેશા રસપ્રદ રીતે લોકો સમક્ષ રજૂ કરવાનો આ મ્યુઝિયમનો મુખ્ય હેતુ છે. કંસવધ, વૃંદાવન-મથુરાના પ્રસંગો, જરાસંધવધ સહિતના ૮૦ જેટલા પ્રસંગોને નવી ટેક્નોલોજીથી ઓડિયો-વિઝ્યુઅલ શો સ્વરૂપે રજૂ કરવામાં આવશે. મ્યુઝિયમ માટે બેઝમેન્ટ અને બીજા બે માળનું બિલ્ડિંગ તૈયાર થશે તથા વિવિધ પ્રસંગો નિહાળતાં અંદાજિત બે કલાક જેટલો સમય લાગશે. સામાન્ય રીતે તેમાં અંગ્રેજી ઉપરાંત હિંદી અથવા ગુજરાતી ભાષામાં વિગતો રજૂ કરવામાં આવશે. આ ધાર્મિક મ્યુઝિયમમાં માત્ર વડીલોને જ મજા પડે તેવું નથી, નવી પેઢી-ટીનેજર્સને પણ તેમાં મજા પડે તે માટે નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથોસાથ વિદેશી ભક્તો દ્વારા નવી રીતે ભારતીય પરંપરા સાથે કૃષ્ણભક્તિને રજૂ કરવામાં આવશે. કૃષ્ણભક્તિને બહોળા જનસમુદાય સુધી પહોંચાડવામાં આ મ્યુઝિયમ ઉપયોગી સાબિત થશે.

### અમદાવાદ અને રાજકોટના યુવાનોનું ઉમદા કાર્ય

# ગરીબોને ગરમ વસ્ત્રોનું વિતરણ



## ઠંડીમાં ગરીબોના ચહેરા પર હૂંફાળુ સ્મિત આપવાનો સ્તુત્ય પ્રયાસ

ગાંધીનગર, તા. ૬

શિયાળાની કડકડતી ઠંડીથી ગરીબોને રક્ષણ આપવાના હેતુથી તેમને ગરમ કપડાંનું વિતરણ કરવાનું ઉમદા કાર્ય અમદાવાદ ને રાજકોટના યુવાનો દ્વારા કરવામાં આવ્યું છે.

જૈશીલ શાહ, અલ્પેશ હીરામી, જબલ કટકીયા, વિશ્વાસ ત્રિવેદી, જતીન કાચા, પારસ બગધરીયાએ પ્રથમ સમાજમાંથી ગરીબો માટે કપડાં એકત્ર કર્યાં અને પછી એ કપડાં ગરીબોમાં વહેંચવાનો આરંભ કર્યો. શિયાળાની ઠંડીમાં ગરીબોના ચહેરા પર હૂંફાળુ સ્મિત આપવાનો તેમનો આ પ્રયાસ કાબિલેદાદ છે.

# આઈસીએઆઈની ચૂંટણીમાં ગુજરાતમાં ૬૦ ટકા મતદાન

## ગુજરાતના ઉમેદવારોની જીતની શક્યતા ઉજળી

ગાંધીનગર, તા. ૬

સી.એ માટેની એપેક્સ સંસ્થા આઈસીએઆઈની ચૂંટણીમાં સમગ્ર ગુજરાતમાં સરેરાશ ૬૦ ટકા વોટિંગ થયું હતું. તેમાં અમદાવાદમાં ગઈ ચૂંટણી કરતા ઓછું ૫૩ ટકા વોટિંગ થાય હતું. ચૂંટણીના બીજે દિવસે ૨૦૪૮ વોટ પડ્યા હતા. આમ કુલ ૪૦૬૧ વોટ સાથે અમદાવાદમાં ૫૩ ટકા વોટ પડ્યા હતા. બરોડામાં ૬૦% વોટ પડ્યા હતા.

સુરતમાં ૭૫%, પોરબંદરમાં ૧૦૦%, જામનગરમાં ૬૦ અને રાજકોટમાં ૫૫ ટકા સાથે ઉત્સાહજનક વોટિંગ થયું હતું. સમગ્ર ગુજરાતમાં વોટિંગની ટકાવારી ૬૦% ઉપર જતાં ગુજરાતના ઉમેદવારોની જીતની શક્યતા ઉજળી બની છે.

## ગૃહ ચૈત્યની બાવીસમી સાલગીરી મંગળવારે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સૅક્ટર-૭ના ગૃહ ચૈત્યની બાવીસમી સાલગીરીનો કાર્યક્રમ મંગળવારે યોજવામાં આવ્યો છે. પૂ. આચાર્ય અરૂણોદય સાગર સુરીશ્વરજી તથા પૂ. સાધ્વીજી ભગવંત રાજ્યશાશ્રીજીની પાવન નિશ્રામાં આ કાર્યક્રમ યોજાશે. સવારે ૯ કલાકે અઢાર અભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે. તપોવન સંસ્કૃત પાઠશાલાના રાજુભાઈ અને સંગીતકાર ભાગ્યેશ શાહની સંગત આ પ્રસંગે પ્રાપ્ત થશે.

# તમારાં સર્જન અને લેખનકાર્યની અસર લાંબી ટકશે : નિદા ફાઝલી

ગાંધીનગર, તા. ૬

કાવ્ય મુદ્રા, અમદાવાદ દ્વારા આયોજિત ત્રિ દિવસીય કાવ્ય ગઝલ મહોત્સવના બીજા દિવસે ઉર્દૂ, હિન્દી અને ગુજરાતીમાં ગઝલ સંગ્રહ આપનારા પદ્મશ્રી નિદા ફાજલી કે જેમણે રઝિયા સુલતાન અને 'આપ તો ઐસે ન થે'થી લઈને સરફરોશ અને છેક સૂર સુધીની ફિલ્મોમાં સરળ છતાં ગૂઢાર્થ ધરાવતાં ગીતો લખ્યાં છે તેઓ શનિવારે ગુજરાતના મહેમાન બન્યા હતા.



કાર્યક્રમ દરમ્યાન અનેક કટાક્ષપૂર્ણ અને અર્થપૂર્ણ શાયરીઓથી તેમણે શ્રોતાઓનાં દિલ જીતી લીધાં હતાં.

મૂળ કાશ્મીરના, દિલ્હીમાં જન્મેલા, ગ્વાલિયરમાં શિક્ષણ પામેલા અને ત્યારબાદ મુંબઈ આવેલા મુક્તિદા હસન નિદા ફાજલીએ મુશાયરા પહેલાં તેમના ગુજરાતી ભાષા સાથેના પરિચય વિશે જણાવ્યું કે, 'મારી પત્નીનું નામ માલતી જોશી છે, અને તે ગુજરાતી છે.' ગુજરાતી ભાષામાં ગઝલ સર્જન વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, 'અહીં મારા બહુ મિત્રો છે, આ મિત્રો સાથે ભાષાનો અભ્યાસ કરતાં મને ગુજરાતી આવડી.'

હાલમાં ચર્ચિત એવોર્ડ વાપસી અને અસહિષ્ણુતાના મુદ્દે તેમણે કહ્યું કે, 'મેં મારો પદ્મશ્રી કે સાહિત્ય અકાદમીનો બેમાંથી એક પણ એવોર્ડ પરત નથી આપ્યો. કારણ કે, હું માનું છું કે, તમારા સર્જન અને લેખનકાર્ય દ્વારા કરેલા વિરોધની અસર આ પ્રકારના વિરોધ કરતાં લાંબી ટકશે. એક વખત અસહિષ્ણુતાના વિરોધમાં તમે એવોર્ડ પાછો આપશો, પણ બીજી વખત શું કરશો ? હાલ હિંસા ક્યાં નથી ? હિંસા તો અનેક દેશોમાં ફેલાયેલી છે. ત્યારે તમારા એવોર્ડરૂપે તમારી કળાને મળેલા આદરનું અપમાન ન કરવું જોઈએ.' એવો સૂર તેમણે વ્યક્ત કર્યો હતો.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
હેટ સ્ટોરી-૩
૬.૪૫, ૧૦.૪૫
**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૭.૦૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૨.૪૫, ૩.૪૫
**સ્ક્રીન-૩**
તમાશા
૩.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૯.૩૦
**સ્ક્રીન-૫**
તમાશા
૬.૩૦
છેલ્લો દિવસ
૪.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦
**સ્ક્રીન-૬**
છેલ્લો દિવસ
૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૩.૪૫
તમાશા
૧૨.૩૦
હેટ સ્ટોરી-૩
૯.૪૫

# ડૉ. દૂધીબહેન : હૃદયરોગનાં નિષ્ણાત સર્જન

ગાંધીનગરમાં રહેતા ડી.જી. ચૌધરી ક્લાસ વન સરકારી ઓફિસર છે. મૂળ તેઓ ઉત્તર ગુજરાતના વડનગર પાસેના સુલતાનપુરા ગામના. પિતા ગોવાભાઈનું અવસાન તો ૫૦-૫૨ વર્ષ પહેલાં થયું હતું. એક મોટાં બહેન પરણીને ઈડર પાસેના ઝાલીયા ગામે રહે છે. માતા વજુબહેન ચૌધરી એકલાં ગામમાં રહે. જોકે કાકા-બાપા તથા તેમના પરિવારજનો ગામમાં જ રહેતાં હોવાથી તેઓ સાવ એકલાં તો ના જ કહેવાય.

દીકરા ડાહ્યાભાઈને સરકારી નોકરી મળી એટલે ગામ છોડવું પડ્યું. વજુબહેનની તબિયત એકદમ સારી. પૂરેપૂરાં સ્વાશ્રયી. પોતાનું બધું જ કામ જાતે કરે. તેઓ આળસને આઘી રાખે એટલે તેમનાથી દવા પણ છેટી રહે.

ડી.જી. ચૌધરી ભૂતકાળમાં સરી જતાં કહે છે: 'મને યાદ નથી કે મારી માને કોઈ મોટી માંદગી આવી હોય. તેણે દવાની ગોળી લીધી હોય તેવું પણ ભાગ્યે જ બનતું. ખેતી, પશુપાલન, ઘરનું કામ... આ બધું તે કરે. જોકે એક વાર તેને એટેક આવ્યો. આ વાત ૧૯૯૯ કે ૨૦૦૦ની સાલની છે. હું ગાંધીનગરમાં હતો. ફોન આવ્યો કે બાને એટેક આવ્યો છે. મારા કાકાના દીકરાએ તેને વિસનગર ડો. પ્રદિપ સાંડેસરાની હોસ્પિટલમાં દાખલ કરી દીધાં હતાં. હું જમવા બેઠો હતો, તરત ઊભો થયો અને બાઈક લઈને દોઢ કલાકમાં વિસનગર પહોંચી ગયો. ત્રણ દિવસ આઈ.સી.યુ.માં રાખીને અમે તેમને ગાંધીનગર લઈ આવ્યા. અહીં ફેમિલી ફિઝીશીયન ડો. જયેશ શાહને બતાવ્યું. તેમણે નિદાન કરીને કહ્યું કે માજીના હૃદયનો વાલ નબળો પડી ગયો છે. જોકે તેમની ઉંમર જોતાં તેમણે એવી સલાહ આપી કે ઓપરેશન ના કરાવાય. આ સ્થિતિમાં માજી બે-પાંચ વર્ષ કે પછી જેટલાં વરસ કાઢે તેટલાં કાઢવા દેવાનાં.

દીકરા ડાહ્યાભાઈ અવઢવમાં હતા. તેમનો એક વિચાર એવો હતો કે અમદાવાદ યુ.એન. મહેતા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં માતાની સારવાર કરાવવી. આવાં સમયે તેમને એક જૂના મિત્ર મળી ગયા. નામ તેમનું એસ. કે. જૈન. તેઓ એલ.એન.ટી.માં નોકરી કરતા હતા. એટેક આવેલો એ પછી મુંબઈસ્થિત જશલોક હોસ્પિટલમાં તેમણે ઓપરેશન કરાવેલું. આ હોસ્પિટલના





આયુર્વેદ વિભાગમાંથી તેમને એવી માહિતી મળેલી કે હૃદયરોગના ઈલાજમાં દૂધી ખૂબ જ ગુણકારી. તેમણે ડાહ્યાભાઈને કહ્યું કે માજીને રોજ સવારે દૂધીનો જ્યૂસ પીવડાવો. એવી પણ સલાહ આપી કે જો બીપી ઊંચુ રહેતું હોય તો જ્યૂસમાં મીઠું ના નાખવું અને બીપી નીચું રહેતું હોય તો નાખવું.

ડાહ્યાભાઈને આ પ્રયોગ કરવા જેવો લાગ્યો. તેમણે પોતાના માતાને નિયમિત રીતે દૂધીનો જ્યૂસ પીવડાવવાનું ચાલુ કર્યું. આમ તો દરરોજ એક ગ્લાસ જ્યૂસ પીવડાવે, પરંતુ તેમની સાથે રહેતો ભાણેજ મિલન, નટખટ એટલે જે દિવસે તેણે બે ગ્લાસ જ્યૂસ બનાવ્યો હોય તો જોડે ઊભો રહીને માજીને બે ગ્લાસ જ્યૂસ પીવડાવી દે. વજુબહેનને દરરોજ દૂધીનો જ્યૂસ પીવાનું ના ગમે, ક્યારેક કઠે પણ ખરું, પરંતુ પરિવારજનોએ દૂધીનો જ્યૂસ પીવડાવવાની ટેવને ચુસ્ત પરંપરામાં ફેરવી નાખી. દીકરા ડાહ્યાભાઈ, પુત્રવધૂ દક્ષાબહેન રોજ સવારે વહેલાં ઊઠી જાય અને દૂધીનો જ્યૂસ તૈયાર કરી દે.

એકાદ મહિના પછી આ દંપતિ માજીને લઈને ડો. જયેશ શાહના ત્યાં ગયાં. એક મહિના પહેલાં જ્યારે ડોક્ટરે વજુબહેનને દરરોજ ઘણી દવા આપેલી ત્યારે માજીએ કહેલું કે ખોબો ભરીને દવા આપો છો તે ઓછી કરો. એ વખતે ડોક્ટરે હસતાં હસતાં એવો જવાબ આપેલો કે તમારી ઉંમર જોતાં અને તમને થયેલી ગંભીર બિમારીને ધ્યાનમાં લેતાં ઓછામાં ઓછા છ મહિના તો આટલી દવા નિયમિત લેવી જ પડશે. નહિ જમો તો ચાલશે, પરંતુ દવા વગર નહિ ચાલે. ડોક્ટર જ્યારે આવું કહી રહ્યા હતા ત્યારે તેમને ખબર નહોતી કે તેઓ ખોટા પડવાના હતા. અને તેમને ખોટા પાડવાની હતી દૂધી.

એક મહિના સુધી માજીના પેટમાં દૂધીનો જ્યૂસ ગયો તેણે ચમત્કાર કર્યો હતો. ડો. જયેશ શાહે માજીના તમામ રિપોર્ટ કર્યા તો તેઓ આભા બની ગયા. બધા રિપોર્ટ નોર્મલ હતા. માજીનું હૃદય સાજું થઈ ગયું હતું. તેમણે, બીપી અને લોહીને પાતળું કરવાની, આ બે દવા સિવાયની બધી દવા બંધ કરાવી દીધી. ડોક્ટરે માજીને સાજાં કર્યાં તેનાં કરતાં દૂધીએ ઝડપથી સાજાં કરી દીધાં.

પછી તો દૂધીનો પ્રભાવ વધ્યો. ડી.જી. ચૌધરી ગાંધીનગરની હોલસેલ માર્કેટમાં જાય અને ખેડૂતો પાસેથી મણ-દોઢ મણ દૂધી એક સાથે લઈ આવે. ઘણી વાર તો તેમને એક રૂપિયે કિલો દૂધી પડે. ચૌધરી ખરા ને, એટલે મિત્રો-સ્વજનોમાં દૂધી વહેંચી આવે. જે લોકો હૃદયના ઢીલા હોય કે દૂધીનો જ્યૂસ પીવાની ટેવવાળા હોય તેમની પહેલી પસંદગી કરે. એ મહિનાઓમાં ચૌધરી પરિવારે માજીને આશરે ૪૦૦ કિલો દૂધીનો જ્યૂસ પીવડાવ્યો હશે! માજીને દૂધી એટલી ફળી કે પછી તો ત્રણ વર્ષ સુધી આ પ્રયોગ ચાલુ રહ્યો. દરરોજ દૂધીનો જ્યૂસ ના ભાવે એટલે ક્યારેક તેમાં રજા પણ રાખવી પડે. દૂધીએ પોતાને જે કામ કરવાનું હતું તે કરી આપ્યું હતું.

દૂધી હૃદય માટે કેટલી અકસીર છે તેનો અનુભવ ચૌધરી પરિવારને વારંવાર થયો. ઘણી વાર માજીને શ્વાસ ચઢતો હોય, ચાલવામાં ખૂબ તકલીફ પડતી હોય, જ્યારે દૂધીનો પ્રયોગ ચાલુ કરે કે તરત જ પરિણામ મળે. એ પછી માજી દરરોજ બે-ત્રણ કિલોમીટર ચાલવા જઈ શકે.

વચ્ચે તો એક વખત એવું પણ બન્યું કે વજુબહેન ગામડે ગયાં પછી, કોઈની પણ સલાહ લીધા વિના બીપીની ગોળી પણ બંધ કરી દીધી હતી. (એવું કહેવાય છે કે બીપીની ગોળી એક વાર શરૂ કર્યા પછી બંધ કરાતી નથી. જો કે આ વાત ભણેલાને વધારે લાગુ પડતી હશે.) તેની પાછળનું કારણ એક જ તેમને દવા લેવી ગમતી નહોતી.

બે-બે એટકનો સામનો કરી ચૂકેલાં વજુબહેન આજે ૭૫ વર્ષે પણ અડીખમ છે. પહેલાં એટેક વખતે ડોક્ટરે એવી આગાહી કરી હતી કે માજી બે-ત્રણ વર્ષ કાઢશે. આજે એ વાતને ૧૫ વર્ષ થઈ ગયાં છે. તેમના દીકરા ડાહ્યાભાઈ દૂધીને આ સ્થિતિનો યશ આપે છે. દૂધીએ કમાલ કરી છે. એવું કહેવાય પણ છે કે દૂધી હૃદયરોગના ઈલાજ માટે ખૂબ ફાયદાકારક છે.

વજુબહેન ક્યારેક દીકરાના પરિવાર જોડે ગાંધીનગર રહે છે તો ક્યારેક સુલતાનપુરા રહે છે. ગાંધીનગર રહે છે ત્યારે દૂધીનો જ્યૂસ હાજર હોય છે. ગામડે આજે પણ પોતાનું બધું જ કામ જાતે કરે છે. દીકરાએ મોબાઈલ ફોન દ્વારા સરળતાથી કેવી રીતે વાત કરી શકાય તે શીખવાડી દીધું છે. એક દબાવે એટલે દીકરાને અને બે દબાવે એટલે દીકરીને ફોન લાગી જાય છે.

વજુબહેન નવજીવન મળ્યું તેમાં પરિવારજનોના પ્રેમ અને કાળજી, ડોક્ટરોની સારવાર ઉપરાંત સૌથી વિશેષ તો દૂધીનું પ્રદાન છે.

**- રમેશ તન્ના**